# -:: અર્વાચીન થામણા ::-

થામણા એ જૂના ખેડા જીલ્લા અને નવા આણંદ જીલ્લાનું એક જાણીતું ગામ છે. એની પૂર્વ દિશાએ ઉમરેઠ હાલનું તાલુકા મથક અને વિંઝોલ ગામ આવેલા છે. પશ્ચિમમાં ધોરા, ઉત્તરમાં ખિજલપુર અને દક્ષિણમાં લીંગડા પરવટા નામના ગામ  આવેલા છે. નજીકનું રેલ્વે સ્ટેશન ઉમરેઠ છે. જે આણંદ ગોધરા બ્રોડગેજ લાઈન પર આવેલુ છે. હાલનું સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર અત્રેથી સાત કીમીના અંતરે આવેલું છે. ઉમરેઠ તથા જીલ્લા મથક આણંદથી અત્રે આવવામાં માટે એસ.ટી. બસની સુવિધા છે.

થામણાની ઉત્તરે શેઢી નદી ગૂંચળા ખાતી વહેતી હોય છે. જે આણંદ, ઠાસરા તથા નડીયાદ ની સરહદોને ઘાટ આપતી જાય છે.

દરેક ગામને પોતાનો ઈતિહાસ હોય છે તે પ્રમાણે થામણાનો પણ ઈતિહાસ છે. જેની સવિસ્તર માહિતી આપણા જાણીતા કવિ અને સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોષીએ આ પ્રમાણે આપેલ છે.

થામણાને સ્તંભનકપુર કહેતા . ખંભાતને સ્થંભતીર્થ જેના માટે સ્થંભપુર પણ પુરાણોમાં મળે છે. થામણાનો ઉલ્લેખ વિ.સં ૧૧૩૧ માં શ્રી અભયદેવસૂરિએ કર્યો છે. પછી ગિરનાર પર્વત  ઉપરના લેખોમાં પણ થામણા માટે સ્તંભનકપુર અને ખંભાત માટે સ્તંભતીર્થ નામ વપરાયેલા જોવા મળે છે. આચાર્યશ્રી મુનિ જિનવિજયજી સંપાદીત પ્રાચીન જૈન લેખ સંગ્રહ પ્રમાણે સ્તંભનકપુર તે ખેડા જીલ્લાના આણંદ તાલુકા (હાલ જીલ્લા ) ના ઉમરેઠ નામના ગામની પાસે આવેલુ અને શેઢી નદીના કાંઠે રહેલુ થામણા ગામ છે. થાભણાં એ પ્રાકૃત થંભણય નુજ રૂપાંતર છે જયાં અભય દેવસૂરીએ જયતી હુઅણ આદિવાકયથી પાર્શ્વનાથ સ્તોત્ર  રચી પલાશના વૃક્ષોની નીચે ભૂતલમાં દટાયેલી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પ્રગટ કરી હતી જે હાલમાં ખંભાતમાં છે.

આજે થામણા એક મધ્યમ કદનું ખેતી પ્રધાન ગામ છે. એની વસ્તી આશરે પાંચ હજારની છે. મુખ્ય વસ્તી પાટીદાર ખેડૂતોની છે. પણ અહી અઢારેય વર્ણના લોકો વસે છે. અને સુખસંપમાં દહાડા કાઢે છે. સ્વચ્છતાના પૂજારી અને સર્વોદય કાર્યકર શ્રી પૂ. બબલભાઈ મહેતાની કર્મભૂમિ એવા થામણા ગામમાં આજે સંપૂર્ણ પરિવર્તન આવેલ છે. અને અમારા થામણાના પનોતા પુત્રના સ્વપ્નને સાકાર કરતુ થામણા ન માત્ર ગુજરાતનું પણ સારા ભારતવર્ષનું એક આદર્શ ગામ છે. થામણા ગામની સમરસ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી ચંદ્રકાંત પટેલ ,પંચાયતના સભ્યો , કર્મચારી ગણ તથા ગામમાં અને દેશપરદેશમાં વસેલા ગ્રામજનો તથા ગામના વયસ્કોના સાથ સહકારથી ગામમાં સર્વત્ર પાકા રસ્તા, ભૂગર્ભ ગટર યોજના, ભુગર્ભ ટેલીફોન કેબલ સુવિધા, ૨૪ કલાક વીજળી સેવા  જેવા કાર્યથી થામણા ગામ સ્વચ્છતાના સુંદર નમુનારુપ સોહાય છે.

જેની એક વખતની મુલાકાત શાંતિની અનુભતિ કરાવે તે નિ:શંક છે.

સ્વ. પૂ. શ્રી બબલભાઈની કર્મભૂમિ એવું થામણા ગામ વૈજ્ઞાનિક આધુનિક શુદ્ધિકરણથી શુધ્ધ પીવાનું પાણી, ઘેરઘેર સંડાસ જેવા કાર્યથી સ્વચ્છતાના સુંદર ગામની એક વખતની મુલાકાતથી શાંતિની અનુભૂતિ મળે તે નિ:શંક છે.

રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન ઈ-ગ્રામની કલ્પનાને થામણા એ સાકાર કરી છે. ગ્રામ પંચાયત કચેરીને દાતાઓના સહયોગથી કોમ્પ્યુટરાઈઝડ કરી ગામનું તમામ દફતર, ગામના નમૂના નં. ૧ થી ૧૮, આકારણી પત્રક, જન્મ-મરણનોંધણી વગેરે કોમ્પ્યુટરથી મેળવી શકાય છે. સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ તેમજ લોકભાગીદારીના સમન્વયથી ગામના વિકાસના કાર્યો કરી ગામની કાયાપલટ કરવામા આવી છે. આધુનિક યુગની ટેકનીકને આવરી લઈ વિશ્વને નાનું બનાવવા ઈન્ટરનેટના માધ્યમથી ઈમેઈલ અને થામણા ગામની વેબસાઈટની સુવિધાની પણ તૈયારીઓ કરવામાં આવેલ છે. ગામના ગરીબીની રેખા નીચે વસતા લોકો માટે પણ આવાસ, રસ્તા પાણી અને વીજળીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સ્વતંત્રતાની ચળવળ થી ક્રાંતિને વરેલું થામણા ગામ તેના પનોતા પુત્રના કાર્યોથી પ્રભાવિત હતુ તે ગામની કાયાપલટ થતાં ગામનો દરેક નાગરિક ગર્વ અનુભવે છે. એકતા, સંપ, સહકાર અને સંગઠનનું ઉદાહરણ પુરું પાડતું આ ગામ તેની આજુબાજુના પાંચ પાંચ કીલોમીટરના વિસ્તારમાં આદર્શ ગામના નમૂના રૂપ છે. પંચાયતની સમરસતાએ ગ્રામજનોના માનસમાં પણ સમરસતાનું સિંચન કરી ગામની અવિરત પ્રગતિમાં હરણફાળ ભરવામાં અગત્યનો ભાગ ભજવી રાષ્ટ્રીય એવોર્ડ મેળવી ગામની શાન વિશ્વભરમાં પ્રસરાવેલ છે. ગામમાં આજે કોમી એકતાના દર્શન થઈ રહ્યાં છે. સર્વધર્મ સમભાવની ભાવના ગામને ભાવિમાં પણ વિકાસ અને પ્રગતિના પંથે આગળ ધપવામાં મદદરૂપ થશે.

ગ્રામ પંચાયત, દૂધ મંડળી, સહકારી ભંડાર, સ્કૂલો, દવાખાનું, ધાર્મિક ટ્રસ્ટો વગેરેનો પારદર્શી વહીવટ, દાન, લોકફાળાના હિસાબની જાહેર જાણ, સરકારી બીન સરકારી અધિકારીઓનું, મંત્રીઓનું, દાતાઓનું ,સમયોચિત સન્માન ગામની પ્રગતિમાં મદદરૂપ થાય છે. ગરવી ગુજરાતના ગૌરવ સમ પ્રગતિના પંથે આગળ વધતુ થામણા ગામ ખરેખર શ્રેષ્ઠ કામગીરી કરતી ગ્રામ પંચાયતના પુરસ્કાર માટેની લાયકાત કરતા પણ વધુ સક્ષમ ગણી શકાય.

થામણા ગામ શેઢી નદીનો લગભગ ૩ કીમી લાંબો કિનારો ધરાવે છે. આ કિનારાથી ગામ સુધીની ૨૦૦ હેકટર બીન ઉપજાઉ જમીનમાંથી આશરે ૭૫ હેકટર જમીનને ઉપજાઉ માં રુપાંતર કરી તેમાં ફળાઉ ઝાડનું વાવતેર કરવામાં આવેલ છે. સદર ગામની ભાગોળમાં સરદાર પટેલ સ્ટેડીયમ હેલીપેડની સુવિધાવાળુ બનાવવામાં આવેલ છે જ્યાં ડે નાઈટ ક્રિકેટ મેચનું પણ આયોજન થાય છે. અને પ્રાથમિક તથા અંગ્રેજી મીડીયમ શાળાના બાળકોને માટે રમત ગમતના મેદાન તરીકે વાપરવા કામ આવે છે. જે ગામની શોભામાં ચાર ચાંદ લગાવે છે. ગુજરાત અને ભારતના પ્રાણપ્રસ્ન

એટલે પાણી જેના માટે પણ પ્રજાને કોઈ તકલીફ ન થાય તે રીતે પાણીની સુવિધા કરવામાં આવેલ છે. અને સાથે સાથે આર ઓ પ્લાન્ટથી પ્રજાને જીવાણું રહિત આરોગ્ય વર્ધક પાણી પુરૂ પાડવામાં આવે છે.

સ્વચ્છતા અને અન્ય સુવિધાઓની સાથે શૈક્ષણિક ક્ષેત્રે પણ ગામે સારી એવી પ્રગતિ કરેલ છે. જ્યાં આંગણવાડી, બાલમંદિર, પ્રાથમિકશાળા, માધ્યમિક શાળા, અંગ્રેજી મીડીયમની ભાર વિનાના ભણતરની શાળા પણ છે. થામણા હેલ્થ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગ્રામ વિકાસની સાથે સાથે શિક્ષણ અને આરોગ્ય વિષયક સુવિધાઓ વધારવાનું કાર્ય કરવામાં આવે છે.

થામણા ગામમાં ગ્રામ સેવા પ્રવૃત્તિ ફંડ થામણા નામની સંસ્થા પૂ. બબલભાઈ ની પ્રેરણાથી શરુ કરવામાં આવેલ છે. જેમાં પૂ. બબલભાઈ મહેતા સાર્વજનિક પુસ્તકાલય, પૂ. બબલભાઈ મહેતા સુવર્ણ જયંતિ ટ્રસ્ટ અને શિશુ સંસ્કાર કેન્દ્રનો સમાવેશ થાય છે. આ બધી સંસ્થાઓ દ્વારા સ્વ. પૂ. બબલભાઈ ના અધૂરા સ્વપ્નને સાકાર કરવા માટે કેળવણી વિષયક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી ગામમાં સુસંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા પૂ. બબલભાઈના માર્ગદર્શન હેઠળ ગામમાં ઘણા જાહેર મકાનો બાંધવામાં આવેલ છે. અને વકૃત્વ સ્પર્ધા, રંગોળી હરિફાઈ, ગ્રામ સફાઈ વગેરે કાર્યક્રમો યોજવામાં આવે છે. ગામની ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, સ્મશાન ગૃહ વગેરેને પણ એટલું જ મહત્વ આપવામાં આવેલ છે. દરેક વર્ગ, દરેક ધર્મ અને દરેક કક્ષાના માણસો માટે સમાનતા ની નજરથી જ વિકાસલક્ષી કામો થયેલ છે જે એક અદ્દભૂત સિધ્ધિ છે.

પ્રેરણામૂર્તિ બબલભાઈના સોણલાંને સાકાર કરવા સીનિયર સિટિઝન ફોરમ થામણા નામની એક સંસ્થા પણ શરુ કરવામાં આવી છે જે વયસ્ક નાગરીકોને સંગઠીત કરી ગ્રામ વિકાસના કાર્યોની સાથે સાથે શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યો પણ કરે છે. ગ્રામ સફાઈ, ગામની જાહેર સંસ્થાના મકાનોની સફાઈ અને સાચવણીના કાર્યની સાથે અવારનવાર પ્રવાસોનું આયોજન કરી ગામના વયસ્કોને પ્રવૃત્તિમય અને આનંદદાયક જીવન જીવવામાં સહાયક બને છે. સાથે સાથે ગામના યુવાનોને પણ પોતાના કાર્યોમાં સહાયક તરીકે મદદમાં લઈ, શાળાના બાળકો માટે રાત્રિ અભ્યાસ વર્ગ શરુ કરી નવી-જૂની પેઢી વચ્ચેનું અંતર દૂર કરવાના પ્રયત્નોમાં પણ પ્રવૃત્ત રહે છે. ફોરમ પૂ. શ્રી બબલભાઈ મહેતાના વિચારો પ્રમાણે જીવન જીવવાની પ્રણાલીનું તેના સભ્યોને તથા ગામના બધા નાગરીકોને ઉદાહરણ પુરુ પાડી ગામમાં સદ્દવિચાર અને સદ્દભાવનાના બીજોનું રોપણ કરી ગામને રોગ વિમુકત કરવામાં આરોગ્ય કેમ્પો યોજી ફાળો આપેલ છે.

આમ હાલનું થામણા અને આઝાદીની ચળવળ વખતનું થામણા સમયના પરિવર્તન સાથે આધુનિક જમાના સાથે કદમ મીલાવીને આગળ વધતુ ભારતનું અનોખું, આદર્શ જ્યોતિગ્રામ છે. થામણા ગામ મુલાકાતીઓના આકર્ષણ અને પ્રેરણાશક્તિનું ઉદ્દગમસ્થાન બનેલ છે.